# વાકાનેરડામાં વ્યસની ચીજોની નનામી કાઢી : વ્યસનમુક્તિ યજ્ઞ કર્યો



(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લાના વાકાનેરડા ગામમાં વ્યસનના ઝાળમાં ફસાયેલા નાગરિકોને વ્યસન છોડાવવા વ્યસનમુક્તિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં ગામના મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા અને નશીલા દ્રવ્યોની આહુતિ આપી હતી.

મનુષ્ય વ્યસનના રવાડે ચડે તો જીવન બરબાદ થઈ જાય છે. વ્યસન કરતા લોકો અને નિર્વ્યસની લોકોના શરીરમાં જમીન આસમાનનો ફરક હોય છે. જિલ્લાના વાકાનેરડા ગામમાં વ્યસનના દૂષણને નાથવા વ્યસનમુક્તિ યજ્ઞ કરવામાં આવ્યો હતો.

યજ્ઞમાં વ્યસન કરતા યુવાનો પાટલામાં બેઠા હતા. અને વિધિ પ્રમાણે એક-એક તમાકુ બીડી, ગુટખા, સિગારેટ જેવા નશીલા પદાર્થોની આહુતિ આપી જીવનભર વ્યસનથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

ગામમાં વ્યસનની ચીજોની નનામી કાઢવામાં આવી હતી. સ્મશાન યાત્રામાં વ્યસની અને નિર્વ્યસની નાગરિકો જોડાયા હતા. વ્યસનમુક્તિ યજ્ઞના પ્રણેતા ગાંધી આશ્રમના સુરેશ ગ્રામવાસીએ જણાવ્યું હતું કે વ્યસન કરતો માનવી જીવનમાં ક્યારેય પ્રગતિ કરતો નથી તે હંમેશા અધોગતિ તરફ આગળ વધે છે.

વાકાનેરડા ગામના યુવાનોને વ્યસન મુક્ત કરાવવા મે પ્રતિજ્ઞા લીધી હતી. વ્યસન મુક્તિ યજ્ઞનો વિચાર મેં ગ્રામજનો આગળ મુક્યો તેમજ તુરંત જ અપનાવી લીધો. આ યજ્ઞમાંથી અન્ય વ્યસન કરતા યુવાનો પ્રેરણા લેશે તો ઘણા વ્યસની લોકોની જીંદગી ખુશીઓથી ભરાઈ જશે તેમ જણાવ્યું હતું.

# આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતાં એક શખ્સ ઝડપાયો

## આર.આર.સેલે કલોલ શહેરમાં દરોડો પાડી મકાનનાં બીજા માળેથી આરોપીને પકડ્યો : રૂ. ૧૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૧

આઈપીએલ કોલકત્તા નાઈટ રાઈડર્સ અને દિલ્હી ડેવિલ્સ વચ્ચે ગઈ સાંજે ચાલતી ક્રિકેટ મેચ પર કલોલ શહેરમાં પાંચ હાટડી વિસ્તારમાં એક શખ્સ પોતાના ઘરે સટ્ટો રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે આર.આર.સેલે દરોડો પાડી એક શખ્સને સટ્ટો રમાડતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. રૂ. ૧૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને આર.આર.સેલે ઉંડી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર રેન્જ આર.આર.સેલના પીએસઆઈ વી.એલ. પટેલ તથા કોન્સ્ટેબલ જોગીન્દરસિંહ સહિતની ટીમને ગઈકાલે બાતમી મળી હતી કે કલોલ શહેરના પાંચ હાટડી બજાર, રામજી મંદિર પાસે એક મકાનમાં રહેતો નરેશ રમેશભાઈ ગાંધી આઈ.પી.એલ. ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડી રહ્યો છે. જેને આધારે દરોડો પાડીને મકાનમાં બીજે માળેથી સટ્ટો રમાડતા રંગેહાથ ઝડપી લેવાયો હતો તેની પાસેથી ૪ મોબાઈલ ફોન, એક એલઈડી ટીવી તથા એક ચોપડો મળી કુલ રૂ. ૧૪,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ આર.આર.સેલે નરેશ ગાંધી નામના શખ્સની ધરપકડ કરી લીધી હતી. જુગાર ધારાની કલમ ૪ અને ૫ મુજબ કલોલ શહેર પોલીસમથકમાં તેની સામે ગુનો દાખલ કરીને તેની પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# બેંક ખાતામાંથી રૂ. ૧૦ લાખની ઉઠાંતરી થતા બચી ગઈ...!

## શહેરની એક શાળાનાં પ્રિન્સિપાલને ફ્રોડ હેકરનો એટીએમ મેનેજરના નામે ફોન આવ્યો : પ્રિન્સિપાલે સમયસૂચકતા દાખવીને એટીએમ નંબર આપ્યા બાદ તાત્કાલીક કાર્ડ બ્લોક કરાવી દીધું

ગાંધીનગર, તા. ૨૧

એ.ટી.એમ. મેનેજર વાત કરું છું, તમારા બેંક એકાઉન્ટના વેરીફીકેશન માટે બેંકનું નામ અને એટીએમ નંબર આપો...! કહીને વિગતો મેળવી લીધા બાદ થોડી જ ક્ષણોમાં ખાતામાંથી રૂપિયાની ઊઠંતરી કરી ચીટીંગ કરવાના સંખ્યાબંધ કિસ્સાઓ બનવા લાગ્યા છે હજુ પણ આ તત્ત્વો છેતરપીંડી આચરી રહ્યા છે. કેટલાય નગરજનો હજુ પણ આ તત્વોનાં ફોન આવ્યા બાદ વાતોમાં ભોળવાઈને એટીએમ નંબર આપી દે છે ત્યારબાદ તેમનું બેંક ખાતુ સાફ થઈ જાય છે. આજે પણ શહેરની એક શાળાના પ્રિન્સીપાલ આવા ફ્રોડહેકરની જાળમાં ફસાતા બચી ગયા અને તેમના બેંક ખાતામાંથી રૂ. ૧૦ લાખની ઉઠાંતરી થતા રહી ગઈ હતી.

બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં પ્રિન્સિપાલને ૯૨૫૦૦૦૪૩૬૩ નંબર પરથી ફોન આવ્યો અને વેરીફીકેશનનું બહાનું કાઢી વાતોમાં ભોળવીને એટીએમ નંબર મેળવી લીધો હતો. ફોન કટ કર્યા બાદ પ્રિન્સિપાલે એસબીઆઈનો સંપર્ક કર્યો અને આવા કોઈ વેરીફીકેશન કોલ બેંક દ્વારા થાય છે કે કેમ? તેની ખરાઈ કરી! જાણવા મળ્યું કે આવા કોઈ જ કોલ બેંક તરફથી કરવામાં આવતા નથી. તે ઉપરાંત આવા કોલ કરીને છેતરપીંડી થયાના સંખ્યાબંધ કેસ બન્યા હોવાનું કહીને તાત્કાલિક તેમનું એટીએમ બ્લોક કરાવી દેવા બેંક દ્વારા સલાહ આપવામાં આવતા પ્રિન્સીપાલે સમયસૂચકતા દાખવીને તાત્કાલીક તેમનું એટીએમ બ્લોક કરાવી દીધું હતું. નોંધનીય બાબત છે કે પ્રિન્સીપાલના ખાતામાં ૧૦ લાખ રૂપિયા હતા જો તેમણે સમયસૂચકતા દાખવીને બેંકને કોલ કરી જાણકારી ન લીધી હોત તો કદાચ તેમણે આ રૂ. ૧૦ લાખથી હાથ ધોઈ નાંખ્યા હોત..!

## સંસ્કાર ગૃપ દ્વારા આજે વિશ્વ ધરતી દિવસ ઉજવાશે

સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકો, યુવાનો માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાય છે તેમજ ગાંધીનગર નેચર કલબનું પણ કામ કરે છે. પર્યાવરણના જુદા જુદા દિવસો જેવા કે વનદિવસ, સ્પેરો ડે, વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી સ્કૂલો તેમજ કોલેજોના માધ્યમ દ્વારા જાહેર જનતા સાથે મળીને કરે છે. ૨૨-૪-૧૫ ને 'વિશ્વ પૃથ્વી દિવસ' ની ઉજવણી ધરતીની પૂજા અર્ચના કરી કરવામાં આવશે. ચાલો સાથે મળીને પૃથ્વીનું રક્ષણ-જતન કરીએ. વનસ્પતિ પશુ-પક્ષી, નદી-સરોવર, માણસ સિવાયના સંતાનોનું જતન કરીએ તેવો કાર્યક્રમ સંસ્કાર ગૃપ દ્વારા યોજાનાર છે. કાર્યક્રમ ઘ-૪ બગીચો-ઉદ્યોગભવનની સામે સવારે સાડા સાતથી નવ વાગ્યા સુધી યોજાશે.

# ગાંધીનગર જિલ્લામાં મહિલા સુરક્ષા સમિતિની રચના અર્થે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

રાજય સરકાર દ્વારા સ્ત્રી ભ્રુણ હત્યા, મહિલાઓ પર થતી ઘરેલું હિંસા અને અન્ય થતાં અત્યાચારો સામે જાગૃતિ લાવવાના ઉમદા આશયથી રાજય મહિલા સુરક્ષા સમિતિની રચના કરવામાં આવી છે. આજરોજ રાજય મહિલા સુરક્ષા સમિતિની સમિતીના ઉપાધ્યક્ષ શ્રીમતી જયોતિબેન વાછાણીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર જિલ્લામાં મહિલા સુરક્ષા સમિતિની રચના અર્થે એક બેઠક સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી.

રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે શાસનધુરા સંભાળી ત્યારથી રાજયની વિકાસની ગતિને તેજ બનાવવા સાથે સાથે મહિલા સશક્તિકરણને પણ પ્રાધાન્ય આપ્યું છે. તેઓશ્રીએ રાજયની મહિલાઓ પગભર બને તે માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમ અમલી બનાવ્યા છે. રાજયની મહિલાઓમાં સ્ત્રી ભ્રૂણ હત્યા, ઘરેલું હિંસા જેવી બાબતોમાં જાગૃતિ આવે તેવા ઉમદા આશયથી મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન હેઠળ રાજય મહિલા સુરક્ષા સમિતીની રચના કરવામાં આવી છે. આ સમિતીના ઉપાધ્યક્ષ પદે જયોતિબેન વાછાણીની નિમંણુક કરવામાં આવી છે.

રાજય મહિલા સુરક્ષા સમિતી દ્વારા રાજયના તમામ જિલ્લાઓ, તાલુકા કક્ષાએ મહિલા સુરક્ષા સમિતીની રચના કરવામાં આવશે. આ સમિતી દ્વારા મહિલાઓને ઘરેલું હિંસાથી મહિલાને રક્ષણ ૨૦૦૫, સેકસયુઅલ હેરેસમેન્ટ ઓફ વુમન ૨૦૧૩ના કાયદા તથા તેને અનુલક્ષી ફોજદારી કાર્યરીતી અધિનીયમ અને ભારતીય પુરાવાના કાયદામાં થયેલ ફેરફારો સંબંધે મહિલાઓમાં જાગૃતિ લાવવામાં આવશે.

## ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ આત્મારામ પરમારના માતૃશ્રી ચંચળબેનનું અવસાન

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઈ પરમારના માતૃશ્રી ચંચળબેન મકનભાઈ પરમાર (ઉં.વ.૯૦)નું તા. ૨૧-૪-૨૦૧૫ને અખાત્રીજના દિવસે વહેલી સવો ૩.૦૦ કલાકે દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું સુરત ખાતેનું બેસણું તા. ૨૫-૪-૨૦૧૫ને શનિવારનાં રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાકે લાયન્સ કલબ હોલ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, સરદાર પુલ નીચે, અડાજણ, સુરત મુકામે રાખેલ છે અને ગાંધીનગર ખાતે સદ્‌ગતનું બેસણું તા. ૨૮-૪-૨૦૧૫ને મંગળવારના રોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાકે : બંગલા નં. ૧૫, મંત્રીશ્રીઓના નિવાસસ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર ખાતે રાખેલ છે.

## એકલવાયુ જીવન જીવતી નરોડાની પરિણિતાએ કેનાલમાં ઝંપલાવ્યુ

ગાંધીનગર, તા. ૨૧

ડભોડા લિંબડીયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં એકલવાયુ જીવન જીવતી એક પરિણિતાએ મોતની છલાંગ લગાવી જીવન ટુંકાવી દીધુ હતુ. ઘટનાની જાણ સિક્યુરીટીએ પરિવારજનોને કરતા પરિણિતાનો મૃતદેહ લઈ ગયા હતા.

ગાંધીનગર જિલ્લાના લિંબડીયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં નરોડાની એક પરિણિતાએ ઉં.વ.૩૦ કૂદકો લગાવ્યો હતો. પોતાના પતિ અને દિકરાથી અલગ રહેતી પરિણિતા એકલવાયા જીવનથી કંટાળી ગઈ હતી.

બપોરના સમયે ઘરેથી એકલી પરિણિતા નીકળી ગઈ હતી. સાંજના સમયે લીંબડિયા કેનાલ પર મોતની છલાંગ લગાવી દુનિયાને અલવિદા કરી દીધી હતી. કેનાલમાં મહિલાની બોડી દેખાતા સિક્યુરીટીએ તપાસ કરતા મહિલાના પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનો પોલીસ કેસ ન કરવા જણાવ્યુ હતુ. બાદમાં બોડી લઈ ગયા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

## સેક્ટર-૬ અંબાજી માતાજીનો પાટોત્સવ યોજાયો

શહેરના સેક્ટર-૬-બી સ્થિત અંબાજી માતાનો અગિયારમો પાટોત્સવ ધામધૂમથી રંગેચંગે યોજાયો હતો. બે દિવસીય પાટોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સેક્ટર-૬-બીમાં અંબાજી માતાજીનો અગિયારમો પાટોત્સવ તા. ૨૦, ૨૧ દરમિયાન યોજવામાં આવ્યો હતો. પ્રથમ દિવસ તા. ૨૦મીએ મા અંબા જગત જનની જગદંબાની શોભાયાત્રા નીકળી હતી. બીજો દિવસ મંગળવારે માતાજીની ધાર્મિક વિધિ સાથે પૂજા અર્ચન, હવન કરવામાં આવી હતી. પાટોત્સવમાં સેક્ટર-૬ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો. માતાજીના દર્શન કરવા ભક્તોની લાંબી લાઈનો લાગી હતી. સાંજે ૫.૦૦ વાગે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રસાદ લેવામાં આવ્યો હતો.

# પાટનગરના પડોશી ચિલોડામાં જાહેર શૌચાલય જ નથી

## ચારે બાજુથી દૈનિક હજારો લોકોની અવરજવર, શૌચાલય માટેની સરકારની જાહેરાતો અહીં બૂમરેંગ

ગાંધીનગર, તા. ૨૧

કેન્દ્ર અને રાજય સરકાર છેલ્લા ઘણા સમથી શૌચાલય ફરજીયાત હોવા ઉપર ભાર મુકી રહ્યા છ અને તે માટે તમામ પ્રયત્નો થઈ રહ્યા છે પરંતુ પાટનગર ગાંધીનગરના પડોશી એવા ચિલોડામાં જ જાહેર શૌચાલય નથી જેથી દૈનિક હજારો લોકોની અવરજવરથી ધમધમતા આ ચોતરફા સ્થળે લોકોને શરમ અનુભવવી પડે છે. જેમાં વળી મહિલાઓની હાલત સૌથી વધુ કફોડી બની રહી છે. રાજય અને દેશમાં શૌચાલયોની જરૂરિયાતો અંગે મસમોટી જાહેરાતો કરનાર સરકાર તેના વહીવટી ક્ષેત્રને અડી આવેલા સ્થળે શૌચાલય ઉપલબ્ધ કરાવી શકતી નથી તો અન્ય સ્થળોએ શૌચાલય માટેની સ્થિતિ કેવી હશે તેવી ચર્ચાઓએ જોર પકડયું છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગરનું પ્રવેશ દ્વારા ગણાતું ચિલોડા પ્રાથમિક સુવિધાથી વંચિત રહ્યું છે. રાજયનો જયાંથી વહીવટ થાય છે તે પાટનગરને અડીને જ આવેલું પડોશી ગામ શૌચાલય જેવી આવશ્યક સેવા વગર વિચલિત થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી દેશ અને રાજયમાં શૌચાલય ફરજીયાત હોવું જોઈએ તે માટે અખબાર અને ટીવી જેવા માધ્યમો થકી નાગરિકોને અપીલ કરી રહ્યા છે તેમજ આ માટે સરકારી સહાય પણ ઉપલબ્ધ કરી છે. પરંતુ જાહેર શૌચાલય માટેની જવાબદારી કોના શિરે છે તે મોટો પ્રશ્ન ઉભો થયો છે. ચિલોડા એ નેશનલ હાઈવેને સાંકળતું ગામ બન્યું છે અને અહીં અમદાવાદ, હિંમતનગર, દહેગામ, ગાંધીનગર થઈ રાજયમાં કોઈ પણ સ્થળે જવા આવવાની સુવિધા છે જેથી દૈનિક હજારોની સંખ્યામાં લોકોની અવર જવર રહે છે. અહીં ઉતરતા અને જતાં મુસાફરો માટે જાહેર શૌચાલય જ ન હોવાથી લોકોની હાલત કફોડી બની છે. જેમાં મહિલાઓની સ્થિતિ તો એકદમ દયાજનક બની જાય છે.

કાયદો અને વ્યવસ્થા માટેની સુવિધા અહીંના પોલિસ સ્ટેશનમાં મોટી રકમ ખર્ચી ઉભું કરાય છે સર્કલનો વિકાસ કરાય છે. વિવિધ કોમ્પ્લેક્ષો તથા નવા રહેઠાણો ઉભા થઈ રહ્યા છે પરંતુ શૌચાલય જ નથી. શૌચાલયના અભાવે લોકો લઘુશંકા માટે ઠેક ઠેકાણે પહોંચી જાય છે જેથી ગંદકીનું સામ્રાજય ઉભું થયું છે. નેશનલ હાઈવે નં. ૮ ચિલોડામાંથી પસાર થઈ રહ્યો છે જેમાં અન્ય રાજયના નાગિરકો પણ અહીંથી જતા આવતા હોય છે જેઓ પણ ગાંધીનગરથી એકદમ નજીક ગણાતા અન્ય મહત્વના આ સ્થળની લાચારી જોઈ વ્યથિત બને છે જેથી સરકાર દ્વારા અહીં જાહેર શૌચાલય બનાવાય તેવી પ્રચંડ માંગ ઉભી થઈ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૧૪**
**સૂર્યાસ્ત : ૭.૦૫**

## તાપમાન

**મહત્તમ : ૪૦.૨ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૪૩ ટકા ● સાંજે ૧૯ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**

એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**

મિ. એક્સ : ૩.૩૦, ૧૦.૦૦

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૦૦

**સ્ક્રીન-૩ :**

મિ. એક્સ : ૧૨.૪૫, ૬.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૩.૪૫, ૯.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦

લીલા : ૪.૦૦, ૧૦.૧૫

ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

મિ. એક્સ : ૧૦.૦૦

લીલા : ૧૨.૪૫

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૩.૩૦, ૧૦.૦૦

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫

એન. એસ. ૮ : ૫.૩૦, ૭.૩૦

## આપની આજ

**મેષ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

**વૃષભ** : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. કર્મક્ષેત્રે કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા કાર્ય તેમજ વેપારને નવી ગતિ પ્રદાન કરશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી.

**સિંહ** : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**કન્યા** : માન-સન્માનનો યોગ બનશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

**ધન** : પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યો પણ ઉકેલ આવશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**મકર** : વ્યસ્તતા રહેશે. જીવનમાં તનાવ વધશે. પરિચિત વ્યક્તિનો સહયોગ મળવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે.

**કુંભ** : આધ્યાત્મિક પ્રવૃત્તિને કારણે મનમાં શાંતિ રહેશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મીન** : ઉતાવળ અને ભાગદોડથી કાર્ય કરવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખો. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

## ચિરવિદાય

- સ્વ. કબુલચંદ ખયાલીરામજી અલોરીયા (ઉં.વ.૫૬) પ્લોટ નં. ૬૬, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. જોગીન્દરસિંઘ શાંતસિંગ ઠાકુર (ઉં.વ.૬૫) બી-૩૨/૨, એમ.ઈ.એસ. કોલોની મીલીટ્રી કેમ્પ, ચીલોડા, ગાંધીનગર
- સ્વ. દેવીયાનીબેન જોગીન્દસિંઘ ઠાકુર (ઉં.વ.૫૫) બી-૩૨/૨, એમ.ઈ.એસ. કોલોની મીલીટ્રી કેમ્પ, ચીલોડા, ગાંધીનગર
- મંગાજી જેણાજી ઠાકોર (ઉં.વ.૭૦) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર